# શ્રી કિરીટકુમાર કે. પટેલ, ધારાસભ્ય, ૨૧-ઊંઝા

**માન. અધ્યક્ષશ્રી**

ગુજરાત રાજ્યના લોકપ્રિય મક્કમ અને મૃદુ સ્વભાવના માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈના વડપણની સરકાર આજે વિધાનસભા ગૃહમાં માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા અને (તેનું) નિર્મૂલન કરવા બાબતનું વિધેયક લઈને આવ્યા છે તેને હું આવકારૂ છું અને તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરૂં છું.

**માન. અધ્યક્ષશ્રી**

માનવ બલિદાન અને અન્ય અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથાઓ કાળા જાદુની પ્રથા અને લેભાગુઓ દ્વારા થતી પ્રેતાત્મા ભગાડવાની પ્રથાને કારણે સમાજમાં સામાન્ય લોકોના શોષણના ચોંકાવનારી સંખ્યામાં કિસ્સા ધ્યાનમાં આવ્યા છે.

**માન. અધ્યક્ષશ્રી**

આજે કાળા જાદુ અને અઘોરી પ્રથા છે. તેનો ભોગ સામાન્ય અને સમાજનો શોષિત વર્ગ બને છે અને બનતો હોય છે. જે લેભાગુ તત્વો છે એ જાદુના નામે અથવા બીજા મંત્ર-તંત્ર એવું બતાવીને કોઈ ચમત્કારિક શક્તિ પોતાનામાં છે એવો પ્રભાવ પાડીને સામેની વ્યક્તિઓનો માનસિક કબજો લઈને એનું અનેક પ્રકારનું શોષણ કરે છે. એનો સૌથી વધારે ભોગ સમાજનો ગરીબ વર્ગ, શોષિત વર્ગ,

મહિલાઓ અને બાળકો બને છે. એનું એટલી હદ સુધી શોષણ કરવામાં આવે છે કે ઘણી બાબતોનો સમાજમાં બાળકોનો બલિ ચઢાવવાના દાખલા પણ બને છે અને એમાં માતા–પિતાનો માનસિક કબજો પણ ત્યાં સુધી લેવાય છે કે માતા–પિતા પણ આ પ્રકારની પ્રવૃત્તિમાં ક્યાંક–ક્યાંક કોઈક કોઈક જગ્યાએ જોડાતા હોય એવી સ્થિતિનું નિર્માણ થાય છે. આ બાબતની લોક જાગૃત્તિ કેળવવાની એટલીજ જરૂર છે અને કડક કાયદા બનાવવા માટેની પણ એટલીક જરૂર છે.

**માન. અધ્યક્ષશ્રી,**

આવા અઘોરી અને કાળા જાદુ કરનાર લોકો ઘણી વખતે આવા મંત્ર–તંત્રના પ્રયોગો દરમિયાન એ બાળકોને કોઇ ને કોઇ પ્રકારે શારિરીક ઇજાઓ પહોંચાડતા હોય છે અને એ બાળકો જીંદગીભર શારિરીક રીતે અપંગતા સાથે જીવવું પડે છે. સમાજમાં પ્રતિ વર્ષે કેટલાક બાળકો ગુમ થવાના કિસ્સા સામે આવતા હોય છે. જેમાં મોટાભાગે આવા બાળકોનો દુરપયોગ આવા વ્યવસાય સાથે સંકળાયેલા તાંત્રિકો કરતા હોય છે.

**માન. અધ્યક્ષશ્રી,**

અઘોરી પ્રથા અને કાળા જાદુ શું છે એનો જે પરિવારના લોકો આવા માણસોના સંકજામાં સપડાયા હોય તેને જ ખબર પડે. મારે એ કહેવુ છે કે, પછાત વિસ્તારોમાં આવુ ઉંટ વૈદુ કરવા વાળા માણસો લોકોને એટલો બધો માનસિક ત્રાસ આપતા હોય છે. જેનાથી ગરીબ, ભોળા, અણસમજુ માણસોને આર્થિક અને માનસિક નુકશાન થતું હોય છે. અને ઘણી વખતે તેઓ વ્યકિતનો એટલો બધો માનસિક કબજો મેળવી લે છે કે એના લીધે ઘરમાં વિખવાદ પેદા થતા હોય છે.

**માન. અધ્યક્ષશ્રી,**

વર્તમાન ટેકનોલોજીના યુગમાં યુ-ટયુબ અને ગુગલ ઉપર આ પ્રકારના અઘોરી કે કાળા જાદુ લખીને સર્ચ મારો તો આવુ કામ કરવા વાળા અસંખ્ય લોકો પોતાના કામની જાહેરાત કરતા મળી રહે છે. અને ઘણી વખતે ગુજરાતી કહેવત છે તેમ લોભીયા હોય ત્યાં ધુતારા ભુખ્યા ના મરે તે મુજબ ઘણા ભણેલા-ગણેલા, શિક્ષિત લોકો પણ આવી પ્રવૃત્તિઓનો ભોગ બનતા હોય છે.

**માન. અધ્યક્ષશ્રી,**

આપણા  લોક લાડીલા અને સમગ્ર વિશ્વમાં સન્માનિત વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઈ મોદી એ જે સ્વપ્ન જોઇને ભારત દેશની પ્રજાને જે આહવાન કર્યુ છે. કે વર્ષ ૨૦૪૭માં આપણો દેશ જયારે આઝાદીના ૧૦૦ વર્ષ પુરા કરશે ત્યારે ભારત દેશને વિકસીત દેશ બનાવીશું અને અત્યારે આપણો ભારત દેશ એક વિકાસશીલ દેશમાંથી વિકસીત દેશ બનવા તરફ ગતિ કરી હરણફાળ ભરવા જઇ રહ્યો છે. ત્યારે રાજયના ગ્રામિણ, વનવાસિ, અંતરિયાળ વિસ્તારો કે અશિક્ષિત અને જુનવાણી વિચારો ધરાવતા લોકોને આ પ્રકારની અંધશ્રધ્ધા ભરેલી માનસિકતા માંથી  બહાર કાઢી જાગૃત – શિક્ષિત કરવાની અત્યંત જરૂરિયાત છે.

**માન. અધ્યક્ષશ્રી**

આ સંજોગો હેઠળ સરકાર માટે આ હાનિકારક અને અમાનુષી પ્રથાઓ કાળા જાદુ અને આવી અન્ય અમાનુષી અનિષ્ટ અને અઘોરી પ્રથાઓની અનીષ્ટ અસરો અને પ્રચારને અસરકારક રીતે અટકાવવા અને તેનું નિર્મૂલન કરવા માટે યોગ્ય અને

કડક સામાજિક અને કાનુની પગલાં લેવાનું અને સામાન્ય લોકોને કાળા જાદુગરો અને લેભાગુઓની દુષ્ટ યોજનાઓનો શિકાર બનતા બચાવવાનું આવશ્યક બન્યું છે. જેની અસામાજિક અને હાનિકારક પ્રવૃત્તિઓ મૂળ સામાજિક માળખાને અને પ્રમાણભૂત અને વૈજ્ઞાનિક તબીબી ઉપચાર અને ઈલાજોમાં સામાન્ય લોકોની શ્રધ્ધાને ગંભીરપણે નુકસાન પહોંચાડીને તેને જોખમમાં મૂકી અને આવા કાળા જાદુગર અને લેભાગુઓનો આશ્રમ લેવા માટે તેમને પ્રેરિત કરી રહ્યા છે અને આથી સરકારે આવી અનિષ્ટ અને અમાનુષી પ્રથાઓ વિગેરોનો સામનો કરવા માટે વિશેષ અને કડક કાયદો બનાવવાનું ધાર્યુ છે તે આવકાર્ય છે અને હું આ ગૃહના સૌ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આ બિલને ટેકો આપું છું.

****